**દાહોદ ના મહે. ચીફ જ્યુડી.મેજી.સાહેબની કોર્ટમાં**

**ક્રિમીનલ કેસ નં.૪૯૪૫/૨૦૨૫**
**આંક–**

**<u>ફરીયાદી:–</u>** શ્રમ અધિકારી ગુજરાત સરકાર (શ્રી એ. બી. ગૌસ્વામા)

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:–</u>** જિતેન્દ્ર હરીસીહ ગોરખા, જવાલા ચાઈનીઝ એન્ડ પાવભાજી ના માલીક.

ગુન્હો : **<u>ધી ચાઈલ્ડ લેબર (પ્રોહીબીશન તથા રેગ્યુલેશન) એકટ ૧૯૮૬ ની કલમ ૧૪(૩)</u>** મહત્તમ સજા એક માસ ની કેદ **<u>અથવા</u>** દસ હજાર સુધી નો દંડ અથવા બંને છે.

**<u>ઠરાવ</u>**

૧). ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ આંક થી રજુ કરેલ છે અને દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ. મહત્તમ સજા ની જોગવાઈ જોઈ તથા આ કામે કોઈ મીનીમમ સજા પ્રિસ્કાઈબ કરેલ નથી. જે બાબતે આરોપી ને આ પહેલો ગુનો હોઈ નીચે મુજબ ની સજા યોગ્ય રહેશે.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**<u>હુકમ</u>**

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ **<u>ધી ચાઈલ્ડ લેબર (પ્રોહીબીશન તથા રેગ્યુલેશન) એકટ ૧૯૮૬ ની કલમ ૧૪(૩)</u>** ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી કોર્ટ અંકે રુપીયા **૫૦૦/– પાંચસો** પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીન ૫ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

ઠરાવ આજરોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**દાહોદ** **(ડબલ્યુ આર મલીક)**
તા.૧૭/૦૧/૨૦૨૬ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દાહોદ (Specal Sitting of Magi)

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદતઃઆગામી લોક અદાલત સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

ડબલ્યુ આર મલીક

વધુ હુકમઃ
**આજ સ્પેશીયલ સીટીગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**
આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

તાઃ **14/03/2026** ડબલ્યુ આર મલીક
**સી જે એમ દાહોદ** સ્પે સીટીગ